# ભગવંતની કથાનું મહાત્મ્ય

: <u>સંસ્તભ્ય સંદર્ભ</u> :

આસ્તાં તવ સ્તવન-મસ્ત સમસ્તદોષં
ત્વત્સંકથાપિ જગતાં દુરિતાનિ હન્તિ
દૂરે સહસ્રકિરણઃ કુરુતે પ્રભૈવ
પદ્માકરેષુ જલજાનિ વિકાસભાંજિ (૯)

<u>શબ્દાર્થ</u>: આસ્તાં = દૂર રહો, સમસ્ત = સંપૂર્ણ, સંકથા = સારી કથા, જગતાં = જગતના, દુરિતાનિ = પાપોનો હન્તિ = હણે છે, દૂરે = દૂર રહો, સહસ્રકિરણઃ = સૂર્ય પદ્માકરેષુ = સરોવરમાં, જલજાનિ = કમળોને વિકાસભાંજિ = વિકસિત, કુરુતે = કરે છે.

<u>ભાવાર્થ</u> :

હે નાથ !

હજારો કિરણોવાળો સૂર્ય તો દૂર રહો, પરંતુ તેની પ્રભા, જેમ રાત્રિભર બીડાઈ ગયેલા સરોવરના કમળોને વિકસિત કરે છે, તેમ સર્વ દોષોને હરનારું આપનું સ્તવન તો દૂર રહો, આપના ભવ-પરભવના ચરિત્રની કથા જ જગતમાં સૌના પાપોનો નાશ કરે છે.

૯ <u>તત્ત્વાર્થ</u>:

હે પ્રભુ ! આપ સર્વગુણસંપન્ન અને સમસ્ત દોષરહિત છો. આપનામાં જે મહાન ગુણો છે તેને પૂરેપૂરા સ્તુતિમાં વર્ણવવા હું શક્તિમાન નથી. સ્તુતિ તેને કહેવાય કે ~~જેનામાં~~ જે ગુણ હોય તેને વધારીને કહેવામાં આવે. આ વિશ્વમાં રહેલો એક પણ ગુણ એવો નથી કે જે વધારીને સ્તુતિમાં કહું.

(ઉવસગ્ગ હરં સ્તોત્રમાં પણ એમ કહે
ચિટ્ઠઉ દૂરે મંતો (દૂર રહો એ મંત્ર)
તુજ્ઝ પણામો વિ બહુ ફલો હોઈ...)

આસ્તાં તવ સ્તવન → દૂર રહો એ સ્તુતિ ! શ્રદ્ધાપૂર્વક ઉચ્ચારાતું આપનું નામ સ્મરણ, (ભાવપૂર્વક કરાતો નમસ્કાર,) ભવો ભવના પાપકર્મોનો ક્ષય કરે છે.

હે પ્રભુ ! દ્રવ્ય, ક્ષેત્ર અને કાળથી દૂર હોવા છતાં આપ સર્વજ્ઞસૂર્ય છો. આપના વિશુદ્ધ ચૈતન્યમાંથી હજારો કિરણો નીકળે છે. ભાવપૂર્વક આપનું નામ લેતાં જ, જ્યારે અમારું ચિત્ત આપના ગુણરૂપી અલૌકિક કિરણોને પણ સ્પર્શે છે

ત્યારે વિષય કષાયો રૂપી પૂંછડીઓ ભાગી છૂટે અને આપણું હૃદયકમળ વિકસી જાય છે. આપણા ગુણોની કથા પાપોનો નાશ કરનારી છે અને તે ગુણો દ્વારા અંતરમાં થતી અનુભૂતિ ભવનો નાશ કરનારી છે.

ચંદનબાળાની એ પ્રસિદ્ધ કથા આપણને ખબર છે. ચંદનબાળાએ પ્રભુ મહાવીરને જોયા પણ નહોતા. પરંતુ મહાવીર પ્રત્યે તેને અનન્ય શ્રદ્ધા હતી.
અંધારી કોટડીમાં, પગમાં બેડીઓ છે, ભૂખ અને તરસથી શરીર લેવાતું છે, તદ્દન અસહાય અને અપમાનિત સ્થિતિમાં પૂરાયેલી ચંદનબાળા કોઈને દોષ ન આપતા, પોતાના ~~અશુભ~~ અશુભ કર્મોનો ઉદય સમજીને અતૂટ શ્રદ્ધા અને અપાર ભક્તિપૂર્વક ભગવાન મહાવીરનું નામ સતત જપતી હતી. નહીં કોઈ સ્તવન કે નહીં કોઈ સ્તુતિ.
ચંદનાની સમગ્ર ચેતના મહાવીરના નામ

રડહ્યામાં સમાયેલી છે. અને શું બન્યું ?
સાક્ષાત મહાવિર તેના આંગણે આવીને ઊભા રહ્યા.
ચંદનબાળા ધન્ય બની ગઈ.

કેટલું સામર્થ્ય છે એ પ્રભુના નામ સ્મરણમાં,
કેટલો પ્રભાવ છે પ્રભુ પ્રવચનો એ ભાવમાં,
કેટલું પવિત્ર અને પાવનકારી છે પ્રભુનું ચારિત્ર,
કેટલી શ્રદ્ધા અને ભક્તિ છલકાયેલી છે ચંદનાની ચેતન

ચંદનાનું ચૈતન્ય મહાવિરના પરમ વિશુદ્ધ ચૈતન્યમાં ભળ્યું. અલ્પશક્તિ મહાશક્તિમાં ભળી ગઈ. નાનકડું જલબિંદુ મહાસાગરમાં મળી ગયું. ચંદનાના રોમ રોમમાં ઉછળતા આનંદના ઉદધિએ લોખંડની બેડીઓ તોડી નાંખી.

આઠ બેડીઓથી બંધાયેલા આત્માઓની બંધન અવસ્થા પણ એક અપેક્ષાએ કાદવમાં ઉગેલા કમળ જેવી કરી શકાય.

કાદવમાં ઊગેલું. કમળ અને આકાશમાં ઝળહળતા
સૂર્યનો કેવો સંબંધ છે તે રૂપક દ્વારા આચાર્યશ્રી
આ વાતનો સંકેત કરે છે કે સંસારરૂપી કાદવમાં
પ્રભુનો સાચો ભક્ત બીડાયેલા કમળ જેવો છે.
પરંતુ પ્રભુના આત્મપ્રદેશમાંથી આવતા સમ્યગ્દર્શન,
કિરણોનો સ્પર્શ થતાં જ ભક્તવત્સલના ભાવો ઉઘડી
પૂંખડીઓ લાગે છે. ભક્તના રોમ રોમ નાચી ઉઠે છે
અને કમળની જેમ ભક્તની ભાવરૂપી પાંખડીઓ
ખુલે છે.

સર્વજ્ઞ પ્રભુના વિશુદ્ધ ચૈતન્યમાંથી ગુણરૂપી કિરણો,
આચાર્યશ્રીના ચિત્તને સ્પર્શે છે ત્યારે એક પ્રકાર
શક્તિ ઉત્પન્ન થાય છે જે લોખંડની બેડીઓને
કાચા તાંતણાની જેમ તોડી નાખે છે.

આ શ્લોકમાં આચાર્યજી એ વાત પર ભાર મૂકે છે કે
આવેલા ઉપસર્ગો સમભાવથી સહીને ટાળવાનો
ઉત્તમ ઉપાય શ્રદ્ધાપૂર્વક કરાતું પ્રભુસ્મરણ છે.
હવે પછીના શ્લોકમાં આચાર્યશ્રી એ વાત પર ભાર
મૂકે છે કે પ્રભુ! આપ ભક્તને ભગવાન બનાવી
શકો છો.